# જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, જુનાગઢ સમક્ષ.

ફોરમ કેસ નં. ૧૩/૨૦૧૭

વરજાંગભાઈ માંડણભાઈ વાજા,
ઉ.વ.આ.૪૭, ધંધો–ખેતી
ધર્મે–હિન્દુ, રહે. ચીખલી તા. ઉના
જી.ગીર સોમનાથ ........અરજદાર

## વિરુધ્ધ

૧) એરીયા મેનેજર સાહેબ,
આઈ.સી.આઈ.સી.આઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સયુ.કું.લી.
૩ જો માળ, જોડીયાક સ્કવેર, ગુરુદવારા સામે,
થલતેજ ચાર રસ્તા, સરખેજ –ગાંધીનગર હાઈવે,
અમદાવાદ.

૨) બ્રાન્ચ મેનેજર સાહેબ,
આઈ.સી.આઈ.સી.આઈ. બેંક,
છારા ઝાપા, કોડીનાર. ........સામાવાળા

બાબત : – ગ્રાહક સુરક્ષા ધારા ૧૯૮૬ની કલમ ૧૨ મુજબ
ફરીયાદ અરજી.

**<u>હાજર રહયા</u> : –**

**અરજદાર તરફે વિ.વકીલ શ્રી પી.વી.ચાવડા**

**સામાવાળા તરફે વિ.વકીલશ્રી એમ.સી.ઝાલા**

## <u>ઠરાવ</u>

**૧.** આ કામના અરજદાર/ફરીયાદી વરજાંગભાઈ માંડાણભાઈ વાજાએ ગ્રાહક સુરક્ષા ધારો ૧૯૮૬ની કલમ–૧૨ હેઠળ કરેલ હાલની ફરીયાદ અરજી ની ટુંક હકીકત એવી છે કે અરજદાર ગીર સોમનાથ જીલ્લાના ઉના તાલુકાના ચીખલી મુકામે રહે છે અને ખેતી તથા પશુપાલન કરી ગુજરાન ચલાવે છે. અરજદારે આશરે ૩ વર્ષ પહેલા પશુપાલનના હેતુ માટે પાંચ ભેંસોની ખરીદી આ કામના સામાવાળા નં.૨ પાસેથી લોન લઈ કરેલ અને સામાવાળા નં.૨ દવારા અરજદારની ભેંસોનું અકસ્માતે મૃત્યુ થાય તો અકસ્માત વિમાનુ વળતર મળી રહે તે માટે સામાવાળા નં.૧ ને પ્રીમીયમની રકમ ચુકવી વીમા પોલીસી મેળવેલ. જે પોલીસના નં. ૪૦૫૭/૮૨૩૦૨૯૭૩/૦૦/૦૦૦ છે અને તેનો સમયગાળો તા. ૨૯–૧૨–૧૩ થી ૨૮–૧૨–૧૬ સુધીનો હતો. અરજદારે સદર વીમા અન્વયે સામાવાળા નં.૧ ના જવાબદાર અધિકારીના જણાવ્યા મુજબ પશુ ચિકિત્સા અધિકારીને બોલાવી સામાવાળા નં.૧ તથા ૨ દવારા આપવામાં આવેલ રજીસ્ટ્રેશન ટેગો ભેસોને પહેરાવી ડોકટર દવારા આપવામાં આવેલ સર્ટીફીકેટો સહીત સામાવાળા નં.૨ પાસે જમા કરાવી દીધેલ અને ત્યારબાદ સામાવાળા નં.૨ દવારા સામાવાળા નં.૧ ની વીમા પોલીસીના સર્ટીફીકેટો આપવામાં

આવેલ. સદર ભેંસો પૈકી એક ટેગ નં. ૧૦૦૧૧૬૮૨૯ વાળીને ગઈ તા. ૧૮–૩–૧૫ના રોજ સર્પદંશ થવાથી મૃત્યુ થતા તે અંગેનું કલેઈમ ફોર્મ સાધનિક કાગળો સાથે રજુ કરતા સામાવાળા નં.૧ એ તેમના તા. ૪–૫–૧૫ ના પત્રથી ભેસને લગાડવામાં આવેલ ટેગ મોકલેલ ન હોવાનું ખોટુ બહાનુ બતાવી કલેઈમ નામંજુર કરી સેવામાં ખામી કરેલ હોય હાલની અરજી લાવી સામાવાળા નં.૧ અકસ્માત વિમાની રકમ રુા. ૫૦,૦૦૦/–(અંકે રુપીયા પચાસ હજાર પુરા) તા. ૪–૫–૧૫ થી જયા સુધી વીમાની રકમ ન ચુકવે ત્યાં સુધી ૧૨ ટકા લેખે વ્યાજ તથા ખર્ચની રકમ સહીત વસુલ અપાવવા અરજી મુજબ દાદ માગેલ છે.

૨. અરજદારની અરજી અનુસંધાને આ કામના સામાવાળાઓને કારણદર્શક નોટીસ કાઢવામાં આવેલ જે ધોરણસર બજી જતા સામાવાળા તરફથી આ ફોરમ સમક્ષ ઉપસ્થિત થઈ આંક–૧૧ થી જવાબ વાંધા રજુ કરેલ છે. જેમાં અરજદારની અરજીની સ્પષ્ટ રીતે કબુલ કર્યા સિવાયની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે અરજદારની અરજી શુધ્ધ બુધ્ધિના અભાવ વાળી, જુઠી અને ઉપજાવી કાઢેલી હકીકતોવાળી હોય તેમ જ ફરીયાદીએ જરુરી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. અરજદારે ખરી હકીકતો છુપાવેલ હોય જેથી નામદાર નેશનલ કમિશનના જજમેન્ટ મુજબ ફરીયાદ રદ કરવી જોઈએ. અરજદારે તેની પાંચ ભેંસોનો વીમો લીધેલ હોવા બાબતે તેમ જ તે પૈકી એક ભેંસનું મૃત્યુ થયેલ હોવા બાબતે કોઈ તકરાર નથી પરંતુ અરજદારે પોલીસની શરત મુજબ મરણ જનાર ભેંસની ટેગ મોકલેલ ન હોવાથી તેનો કલેઈમ કાયદેસર અને યોગ્ય રીતે નામંજુર થયેલ હોય તેમાં સામાવાળાની કોઈ સેવા ખામી ન હોય અરજી ખર્ચ સહીત રદ કરવા ભારપુર્વક જણાવે છે.

૩.        પક્ષકારોના પ્લીડીંગના આધારે હાલની અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદાઓ : –

(૧) શું અરજદાર/ફરીયાદી એવું સાબીત  અને પ્રસ્થાપિત કરે છે કે તેઓ સામાવાળાના ગ્રાહક છે અને  તેમણે સામાવાળા ૧ પાસેથી સામાવાળા નં.૨ મારફતે લીધેલ તેમની ભેંસની વીમા પોલીસીના સમય દરમ્યાન ભેંસનું મૃત્યુ થતા તે અંગેનો કલેઈમ નામંજુર કરી સામાવાળાઓએ જરુરી સેવા આપવામાં ખામી અને ક્ષતિ કરેલ છે?

(૨) શું અરજદાર/ફરીયાદી તેની અરજીમાં માંગ્યા મુજબની  દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ કરવો ?

૪.    ઉપરોકત મુદાઓ પરના અમારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) છેવટના હુકમ મુજબ

<u>કારણો</u>

૫.        આ કામે અરજદાર તરફે  તેમના વિ.વકીલશ્રી ચાવડા  તેમની આંક–૨૧ ની લેખીત દલીલ અન્વયે મુખ્યત્વે રજુઆત એવી છે કે આ કામના અરજદારે સામાવાળા નં.૧ ને પ્રીમીયમની રકમ ચુકવી વીમા પોલીસી મેળવેલ અને તેનો સમયગાળો તા. ૨૯–૧૨–૧૩ થી ૨૮–૧૨–૧૬ સુધીનો હતો. અરજદારે સદર વીમા અન્વયે સામાવાળા

નં.૧ તથા ૨ દવારા આપવામાં આવેલ રજીસ્ટ્રેશન ટેગો ભેસોને પહેરાવી ડોકટર દવારા આપવામાં આવેલ સર્ટીફીકેટો સહીત સામાવાળા નં.૨ પાસે જમા કરાવી દીધેલ અને બાદમાં સામાવાળા નં.૨ દવારા સામાવાળા નં.૧ ની વીમા પોલીસીના સર્ટીફીકેટો આપવામાં આવેલ. સદર ભેંસો પૈકી એક ટેગ નં. ૧૦૦૧૧૬૮૨૯ વાળીને ગઈ તા. ૧૮–૩–૧૫ના રોજ સર્પદંશ થવાથી મૃત્યુ થતા તે અંગેનું કલેઈમ ફોર્મ સાધનિક કાગળો સાથે રજુ કરતા સામાવાળા નં.૧ એ તેમના તા. ૪–૫–૧૫ ના પત્રથી ભેસને લગાડવામાં આવેલ ટેગ મોકલેલ ન હોવાનું ખોટુ બહાનુ બતાવી કલેઈમ નામંજુર કરી સ્પષ્ટ રીતે સેવામાં ખામી કરેલ હોય અરજદારે ફરીયાદ અરજીમાં માગ્યા મુજબની દાદ મંજુર કરવા જણાવે છે.

૬. અરજદારના વિ.વકીલશ્રીની દલીલના જવાબમાં સામાવાળા તરફે તેમના વિ.વકીલશ્રી એમ.સી.ઝાલા તરફથી તેની આંક–૧૮ની લેખીત દલીલ અન્વયે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે અરજદારે ખરી હકીત છુપાવી ઉપજાવી કાઢેલી હકીકતો દર્શાવેલ હોય તેમ જ ફરીયાદીએ જરુરી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. ખરેખર અરજદારે ખરી હકીકતો છુપાવેલ હોય જેથી નામદાર નેશનલ કમિશનના જજમેન્ટ મુજબ ફરીયાદ રદ કરવી જોઈએ. અરજદારે તેની પાંચ ભેંસોનો વીમો લીધેલ હોવા બાબતે તેમ જ તે પૈકી એક ભેંસનું મૃત્યુ થયેલ હોવા બાબતે કોઈ તકરાર નથી પરંતુ અરજદારે પોલીસની જરુરી શરત મુજબ મરણ જનાર ભેંસની ટેગ ઈન્સ્યુરન્સ કંપનીને મોકલેલ ન હોવાથી તેનો કલેઈમ કાયદેસર અને યોગ્ય રીતે રેપ્યુડેટ કરવામાં આવેલ હોય

અરજદારની અરજી નામંજુર કરી સામાવાળાને યોગ્ય ખર્ચની રકમ અપાવવા હુકમ ફરમાવવા જણાવે છે.

૭. આ કામે અરજદાર/ફરીયાદી તરફે તેમના વિ.વકીલશ્રીની રજુઆત મુજબની તમામ હકીકત અને અરજદાર/ફરીયાદીની આંક–૧ ની ફરીયાદ અરજીની રજુઆતની હકીકતો તથા ફરીયાદી તરફે રજુ કરેલ દસ્તાવેજો જોતા આ કામે ફકત એટલુ સ્પષ્ટ બને છે કે અરજદાર/ફરીયાદીએ તેની ભેંસનું મૃત્યુ થયા બાદ કલેઈમ ફોર્મ સાધનિક કાગળો સાથે સામાવાળા નં.૧ ને મોકલી આપેલ છે જેમાં ફરીયાદ અરજીમાં જણાવ્યા મુજબનો ટેગ નં. એલસીઆર૧૦૦૧૧૬૮૨૯ લખેલ છે. પરંતુ સદર અસલ ટેગ કાન સાથેની સામાવાળા નં.૧ ને પુરી પાડવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થતી નથી.ઉલટનાનું આ કામે અરજદાર/ફરીયાદી તરફથી જ રજુ કરવામાં આવેલ માર્ક–૧૫/૧ તથા ૧૫/૨ ના દસ્તાવેજી પુરાવાને લક્ષમાં લેતા માર્ક–૧૫/૧ થી પોસ્ટમોર્ટમ સર્ટીફીકેટની નકલ રજુ થયેલ છે. જેમાં કોલમ નં.૪ (આઈડેન્ટીફીકેશન માર્ક) ની સામે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ અને બાદમાં ટેગ નં. એલસીઆર૧૦૦૧૧૬૮૨૯ લખેલ છે. જે બંને લખાણ શંકાસ્પદ હોવાનું અને મીસમેચ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે તેમ જ સદર પી.એમ.સર્ટીફીકેટમાં પાછળના ભાગે કોલમ નં. ૯ (ડી) ડીટેઈલ ઓફ મટીરીયલ કલેકટેડ ની સામે કોઈ વિગત લખવામાં આવેલ ન હોય સામાવાળા વીમા કંપનીમાં ટેગ રજુ કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં અરજદાર નિષ્ફળ નિવડતા હોય સામાવાળાએ અરજદારનો કલેઈમ ટેગ રજુ નહી

કરેલ હોવાના કારણસર રેપ્યુડેટ કરી તેની સેવામાં કોઈ ખામી કરેલ ન હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

૮. ઉપરોકત મુદા નં.૧ ની તમામ ચર્ચાની વિગતે આ કામના સામાવાળા દવારા તેમની સેવામાં ખામી દર્શાવેલ હોવાનું આ ફોરમ સમક્ષ રેકર્ડ ઉપર પુરવાર કરવામાં અરજદાર સદંતર નિષ્ફળ નિવડતા હોય અરજદાર સામાવાળા પાસેથી કોઈ પ્રકારની દાદ મેળવવા હકકદાર ઠરતા ન હોય મુદા નં.ર નો જવાબ પણ નકારમાં ઠરાવી મુદા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

— : <u>આખરી હુકમ</u> : —

ફરીયાદી શ્રી વરજાંગભાઈ માંડણભાઈ રામની હાલની ફરીયાદ અરજી ફોરમ કેસ નં. ૧૩/૨૦૧૭ આથી રદકરવામાં આવે છે. ખર્ચ સબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આજ તા.૧૫—૦૧—૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

( હિતેન જી.ભટ્ટ )
પ્રમુખ જજ
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
જૂનાગઢ

( એ.એ.યોગી ) ( એલ.એમ.જેઠવા)
સભ્ય સભ્ય
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
જૂનાગઢ